# મદુરાઈથી ટોકિયો સુધી:
# જાપાની ભાષામાં કેમ તમિલની ગૂંજ સંભળાય છે?

### ફાયરવોલ
રાજ ગોસ્વામી

થોડા દિવસ પહેલાં ભારતીય ભાષાઓના ક્ષેત્રમાં કામ કરતી સંસ્થા જશ્ન-એ-રેખ્તાના એક મંચ પર ગીતકાર-લેખક જાવેદ અખ્તરને ભાષા અને લીપી પર બોલતા સાંભળ્યા હતા. એ વાતચીતમાં તેમણે અચાનક એક રોચક વાત કરી કે તમિલનાડુ અને જાપાન સાથે કોઈ સાંસ્કૃતિક કે ભૌગોલિક સંબંધ રહ્યો નથી, છતાં જાપાની ભાષામાં અમુક એવા શબ્દો છે જે તમિલની યાદ અપાવે છે. તેમણે એવું પણ કહ્યું કે તેઓ આ વિષય પર લખાયેલું એક પુસ્તક પણ શોધી રહ્યા છે, જે મળતું નથી.

એ પુસ્તક એટલે જાપાનીસ ભાષાવિદ્ પ્રોફેસર સુજુમુ ઓહ્નોનું Sound Correspondences between Tamil and Japanese. આ પુસ્તક 1980માં પ્રગટ થયું હતું. આ પુસ્તક ભાષા-પ્રેમીઓ માટે ઉત્સુકતા પ્રેરક છે અને ભાષાવિદો, ઈતિહાસકારો માટે વિવાદાસ્પદ કેમ?

કારણ કે એમાં પ્રોફેસર ઓહ્નોનો દાવો છે કે તમિલ અને જાપાની ભાષા વચ્ચે કેવળ સંયોગવશ મળતા આવતા શબ્દો નથી, બલ્કે ધ્વનિઓ, વ્યાકરણ અને વાક્ય-રચનાના સ્તર પર પણ અમુક ઉલ્લેખનીય સમાનતા જોવા મળે છે.

સૌથી પહેલાં શબ્દોની વાત. ઓહ્નો અને તેમના સમર્થકોએ એવા કેટલાય શબ્દો તરફ સંકેત કર્યો છે જેને તેઓ સંભવિત સમાનતાના રૂપમાં જુવે છે. ઉદાહરણ તરીકે-

તમિલની ‘અમ્મા’ અને જાપાની ‘અમા’ બંનેમાં માતૃત્વ અથવા સ્ત્રી સંબંધી સંબોધનોની ધ્વનિ નિકટતમ છે. તેવી જ રીતે, મોટાભાઈને તમિલમાં ‘અન્ના’ કહે છે, અને જાપાનીમાં ‘એની.’

તમિલમાં ‘ઉર’નો અર્થ થાય છે ગામ અથવા બસ્તી. અમુક વિદ્વાનો જાપાની ‘ઉરા’ અથવા અન્ય સ્થાનિક શબ્દો સાથે તેની તુલના કરે છે.

ખાલી અથવા શૂન્ય માટે દ્રવિડિયન ભાષામાં ‘કરા’ શબ્દ છે. જાપાનમાં તેના માટે ‘કારા’ છે. એવો જ એક શબ્દ મસાલા માટે છે; જાપાનીમાં ‘કરાઈ’ અને તમિલમાં ‘કરમ.’ કાપવાને જાપાનીમાં ‘કિરુ’ અને તમિલમાં ‘કીરુ’ કહે છે.

પ્રવાહ માટે જાપાનમાં ‘નગરે’ અને તમિલમાં ‘નગર’ છે. હવે (અત્યારે)ને જાપાનમાં ‘ઈમા’ કહે છે, અને તમિલમાં ‘ઈમ્માઈ’. માછલી માટે તમિલમાં ‘મીન’ શબ્દ છે (જેમ કે મીનાક્ષી). જાપાનમાં પણ ‘મીન’ શબ્દ છે. બંનેની ધ્વનિ એક છે, પણ અર્થ અલગ. જાપાનમાં મીન એટલે જક્કી માણસ.

આ ઉદાહરણોને બધા ભાષાવિદો નથી સ્વીકારતા. તેમનો તર્ક છે કે બે ભાષાઓમાં અમુક સમાન ધ્વનિઓ મળી જાય તે સમાન પૂર્વજનું પ્રમાણ નથી. તેમ છતાં, આ ઉદાહરણો ચર્ચાને રોચક જરૂર બનાવે છે.

પરંતુ વાત કેવળ શબ્દો સુધી સીમિત નથી. વાસ્તવમાં, ઓહ્નોનું વધુ જોર વ્યાકરણની રચના પર હતું. તમિલ અને જાપાની બંનેમાં સામાન્ય વાક્ય ક્રમ છે- કર્તા, કર્મ અને અંતે ક્રિયા. તમિલમાં કોઈ કહે ‘હું પુસ્તક વાંચું છું.’ જાપાનીમાં એ વાક્ય હશે ‘વાતાશી વા હોન ઓ યોમ.’ બંનેમાં ક્રિયા સૌથી અંતે આવે છે.

બંને ભાષાઓ પ્રત્યયોની મદદથી અર્થોનો વિસ્તાર પણ કરે છે. અંગ્રેજીની જેમ અલગ-અલગ પૂર્વસર્ગોને બદલે શબ્દોની પાછળ જોડતા અવયવ મહત્વની ભૂમિકા નિભાવે છે. ભાષાવિજ્ઞાનની દ્રષ્ટિએ તેને અગ્લૂટિનેટિવ (સમૂહીકરણ) રચના કહે છે. જેમ કે વૃક્ષ શબ્દ ‘વૃક્ષો’ અથવા ‘વૃક્ષોમાં’ અથવા ‘વૃક્ષોથી’ બને.

મજાની વાત એ છે કે બંને ભાષાઓમાં સન્માનસૂચક સંબોધનોની વિકસિત વ્યવસ્થા છે. તમિલ સમાજમાં ઉંમર અને સામાજિક સંબંધો અનુસાર સંબોધન બદલાતાં રહે છે. જાપાનમાં તો તે વધુ જટિલ છે. ત્યાં કોઈ વ્યક્તિ સાથે કેવી રીતે વાત કરવાની છે, તે તેની સામાજિક હેસિયત




**શું તમિલ અને જાપાની ખરેખર સગોત્ર ભાષાઓ છે? આ પ્રશ્ન વારંવાર ઊભો થાય છે, તેનું એક કારણ ઇતિહાસ પણ છે, દક્ષિણ ભારતના વેપારીઓ સાથે માલસામાન જ નહીં, વિચારો, માન્યતાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓ પણ પ્રવાસ કરતી હતી**

અને નિકટતા પર નિર્ભર કરે છે.

શું આ સમાનતાઓ કોઈ સહિયારા અતીત તરફ સંકેત કરે છે? અહીંથી ચર્ચા શરૂ થાય છે. ભાષાવિજ્ઞાનની મુખ્યધારા આજે પણ જાપાનીને અલગ ભાષા-પરિવારની સભ્ય માને છે. મોટાભાગના વિદ્વાનોનું માનવું છે કે ઓહ્નોનો સિદ્ધાંત હજુ નિર્ણાયક પ્રમાણ વગરનો છે. તેમનો તર્ક છે કે વાક્ય-રચના અથવા અમુક શબ્દોની સમાનતા દુનિયાને અનેક ભાષાઓમાં પણ મળી શકે છે.

છતાં, શું તમિલ અને જાપાની ખરેખર સગોત્ર ભાષાઓ છે? આ પ્રશ્ન વારંવાર ઊભો થાય છે. તેનું એક કારણ ઇતિહાસ પણ છે. દક્ષિણ ભારતના વેપારીઓ પ્રાચીન સમયથી જ સમુદ્રમાર્ગે દક્ષિણ-પૂર્વ એશિયા સુધી પહોંચતા રહ્યા હતા. તેમની સાથે માલસામાન જ નહીં, વિચારો, માન્યતાઓ અને સાંસ્કૃતિક પરંપરાઓ પણ પ્રવાસ કરતી હતી. બૌદ્ધ ધર્મે તો સમગ્ર એશિયામાં એક વિશાળ સાંસ્કૃતિક સેતુ ઊભો કર્યો હતો.

આ સંદર્ભમાં એ કલ્પના અયોગ્ય લાગતી નથી કે વેપાર અને સાંસ્કૃતિક સંપર્કોની સાથે કેટલાક ભાષાકીય પ્રયોગો કે ધ્વનિ-રૂપો પણ એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં પહોંચ્યા હશે.

પરંતુ અહીં સાવધાની જરૂરી છે. અત્યાર સુધી એવા કોઈ નિર્વિવાદ ઐતિહાસિક કે ભાષાશાસ્ત્રીય પુરાવા મળ્યા નથી, જે તમિલ અને જાપાની વચ્ચે સીધો વંશાનુગત સંબંધ સ્થાપિત કરી શકે. ભાષાવિજ્ઞાનની મુખ્યધારા આજે પણ બંને ભાષાઓને અલગ પરંપરાઓનો વિકાસ માને છે.

એટલે વધુ સંતુલિત નિષ્કર્ષ એ જ છે કે સુજુમુ ઓહ્નોનો સિદ્ધાંત એક રસપ્રદ અને વિચારપ્રેરક પરિકલ્પના છે, સ્થાપિત સત્ય નહીં. તેમ છતાં, તેની બૌદ્ધિક કિંમત ઓછી થતી નથી. કારણ કે આવી ચર્ચાઓ આપણને યાદ અપાવે છે કે ભાષાનો ઇતિહાસ માત્ર વ્યાકરણના નિયમોનો ઇતિહાસ નથી. તે માનવ યાત્રાઓ, સમુદ્રી વેપાર, સાંસ્કૃતિક આદાનપ્રદાન અને જુદી જુદી સભ્યતાઓ વચ્ચે સદીઓથી ચાલતા સંવાદોની પણ કથા છે. શું જાપાની ભાષામાં તમિલની કોઈ પ્રાચીન ગૂંજ સંભળાય છે, કે પછી આ માત્ર થોડાક રસપ્રદ સંયોગોનું પરિણામ છે? આ પ્રશ્નનો અંતિમ જવાબ ભાષાવિજ્ઞાન પાસે હજુ ઉપલબ્ધ નથી.

પરંતુ આ ચર્ચાની પ્રાસંગિકતા એટલા માટે જળવાઈ રહે છે કે તે આપણને ભાષાઓને વધુ વ્યાપક પરિપ્રેક્ષ્યમાં જોવાનું શીખવે છે. ભાષા માત્ર શબ્દો અને વ્યાકરણનું માળખું નથી; તે માનવ સ્થળાંતર, વેપારમાર્ગો, સાંસ્કૃતિક સંપર્કો અને લાંબા ઐતિહાસિક સંવાદોની સાક્ષી પણ છે.

કદાચ એટલા માટે જ મદુરાઈ અને ટોકિયો વચ્ચેનો આ બૌદ્ધિક સંવાદ હજુ પૂર્ણ થયો નથી અને ભાષાની દુનિયામાં સૌથી રસપ્રદ પ્રશ્નો ઘણીવાર એ જ હોય છે, જેના જવાબ કરતાં તેમની આસપાસ નિરંતર ચર્ચાઓ ચાલતી રહે.

---

# દાદરાની ચડઉતર

### બોલ્યું-ચાલ્યું માફ
ઉર્વિશ કોઠારી

પગથિયાં ચઢું કે ન ચઢું? આવો નાના સવાલ ઘણા શહેરીઓને વારંવાર મૂંઝવે છે. તેમનો અંતરાત્મા કહે છે, ‘હે જીવ, તારી ત્રણ-ચાર મણની કાયાને જરા કષ્ટ આપ. લિફ્ટ છોડ ને દાદરા ચઢ.’

દાદરા અને લિફ્ટના દ્વિભેટે ઊભેલો માણસ અંતરાત્મા વિશે વિચારવાનું શરૂ કરે તે પહેલાં જ તેના બહિરાત્માનો અવાજ શરૂ થઈ જાય છે, ‘હે જીવ, જન્મ્યો ત્યારે તારું વજન શેરમાં હતું. પછી તું મણમાં ગયો ને હવે ટન ભણી ધસી રહ્યો છું. તારું જીવનધ્યેય પ્રગતિ અને વિકાસ છે અને તું ચતૂર નાગરિક હોવાને કારણે જાણે છે કે લાંબા રસ્તા લેનાર પાછળ રહે છે ને ટૂંકા રસ્તા અપનાવાર આગળ નીકળી જાય છે. તો પછી તું પણ દાદરા ચઢવાનો ને પરસેવા પાડવાનો મોહ છોડીને, લિફ્ટનો શરણે જા. એમાં જ તારું હિત છે. એમાં જ તારી પ્રગતિ છે.’

કેટલાક બહિરાત્માઓમાં પણ ‘આધ્યાત્મિક’નો પેટાપ્રકાર હોય છે. તે દેહધારીને ભોગવાદના રસ્તે ચડાવવાનો આભાસ આપ્યા વિના, પૂરી સાત્ત્વિકતાથી કહે છે, ‘જો ઈશ્વરે ઈચ્છ્યું હોત કે તારે દાદરા જ ચઢવા, તો તેમણે લિફ્ટને લિફ્ટનો શોધનાર બનાવ્યાં ન હોત ને એસ્કેલેટર પણ શોધ્યાં ન હોત. ઈશ્વર તને મણમાંથી સવા છ શેર બનાવવા ઈચ્છતા નહીં હોય એટલે તારી કારકિર્દીને આપે કે ન આપે, પણ તને લિફ્ટ આપી છે. એની ઉપેક્ષા અને અવગણના કરવી, એ દૈવી ડીઝાઈનનું અવમાન છે.

એસ્કેલેટર હોય ત્યારે તે કહે છે,‘ઈશ્વરેચ્છા વિના પાંદડું પણ હાલતું નથી એ તને ખબર છે, અહીં તો આખેઆખો દાદરો હાલે ને ચાલે છે તો પછી તેને ઈશ્વરેચ્છા ગણીને તેને અનુસરવામાં ક્ષોભ શાને?’

દાદરા ચઢવા એ ફક્ત શારીરિક શ્રમનો મામલો નથી.

**એસ્કેલેટર હોય ત્યારે તે કહે છે, ‘ઇશ્વરેચ્છા વિના પાંદડું પણ હાલતું નથી એ તને ખબર છે, અહીં તો આખેઆખો દાદરો હાલે ને ચાલે છે તો પછી તેને ઇશ્વરેચ્છા ગણીને તેને અનુસરવામાં ક્ષોભ શાને?’**

કેટલાક લોકો કાચી ક્ષણે (મેડિકલ ટેસ્ટના રીપોર્ટ આવ્યા પછી તરતની મિનીટોમાં) પ્રતિજ્ઞા લઈ બેઠા હોય છે કે ‘મારે કાગડાકૂતરાના મોતે મરવું નથી. માટે હવે હું આજીવન, જ્યાં સુધી શક્ય હશે ત્યાં દાદરા જ ચઢીશ.’ શરૂઆતમાં તેમને ‘પાણી દેખી કરે સ્નાન’ ની જેમ, દાદરા જોઈને તેમને ચઢવાનો જ વિચાર આવે છે.

પ્રતિજ્ઞાપાલનના આરંભિક ગાળામાં મલેશિયાના પેટ્રોનાસ ટાવર કે દુબઈના બુર્જ ખલીફા કે પેરિસના એફિલ ટાવરને જોઈને તેમને પહેલો વિચાર આ ઈમારતોની ભવ્યતાનો નહીં, પણ તેમાં કેટલા દાદરા હશે અને એ ચડતાં મને કેટલી વાર લાગે, એ આવે છે. તેમને લાગે છે કે આખું વિશ્વ એક દાદરો છે ને મારો જન્મ એ દાદરા પર ચઢઉતર કરવા માટે જ થયો છે. ક્યારેક વહેલે



પરોઢીયે તેમને એવું પણ સ્વપ્ન આવે છે કે કુતુબમિનારના દાદરા ચઢવાની શરૂઆત કરે છે અને ટોચે પહોંચતાં તેમનું કોલેસ્ટેરોલ ધડામ દઈને સામાન્ય થઈ જાય છે-વજન દસ-વીસ કિલો ઘટી જાય છે.

આવા અરસામાં પ્રતિજ્ઞાપાલકો માટે ઘણી વાર દાદરા ચઢવા કરતાં પ્રતિજ્ઞાપાલનનો અને દાદરા ચઢવા કરતાં, પોતે દાદરા ચઢઉતર કરે છે તે જાહેર કરવાનો આનંદ વધી જાય છે. પરંતુ તપસ્વી વિશ્વામિત્ર માટે જે કામ મેનકાએ કર્યું, ઉપવાસીઓ માટે ફરાળી જે કામ કરે છે, એવા જ કોઈ અવતાર કાર્ય માટે એસ્કેલેટરની શોધ થઈ હશે. યુધિષ્ઠિર જેવા યુધિષ્ઠિર પણ મોલમાં એસ્કેલેટર પર પાંચમા માળે પહોંચ્યા હોત અને ત્યાં ઊભેલા ગુરુ દ્રોણે તેમને પૂછ્યું હોત, ‘દાદરેથી આવ્યો કે લિફ્ટમાં?’, તો સત્યવાદી ધર્મરાજાનો શો જવાબ હોત? ‘નરો વા, કુંજરો વા’નો આશરો લીધા વિના તે ગણગણાટીભર્યા અવાજમાં નહીં, ખોંખારીને કહી શક્યા હોત કે ‘દાદરેથી.’

જ્યોતીન્દ્ર દવેના પ્રખ્યાત નિબંધ ‘મારી વ્યાયામસાધના’માં ‘દંડબેઠક કર્યા?’ એવા વડીલોના સવાલના જવાબમાં નાયક કર્તા અધ્યાહાર રાખીને કહે છે,‘કર્યા’. એવો આત્મવિશ્વાસ એસ્કેલેટરમાં ઉપર આવેલો માણસ દાદરા ચઢવા વિશે અનુભવે છે. પોતે ભલે દાદરા ચઢ્યો ન હોય, પણ દાદરો પોતે તો ઉપર ચઢ્યો ને. આમ પણ, શું સ્થિર છે ને શું ગતિમાન, એ સાપેક્ષ બાબત છે. પૃથ્વી ફરતી હોવા છતાં સ્થિર લાગે છે ને મકાન કે વૃક્ષ સ્થિર ઊભું હોવા છતાં (ચોક્કસ પ્રકારનાં પેયની અસર તળે) ગતિમાન લાગી શકે છે. એ વિશે મિથ્યાભિમાન કેવું? કેટલાક સત્યનિષ્ઠ પ્રતિજ્ઞાપાલકો ચાલુ એસ્કેલેટરે પગથિયાં ચઢવાનું ચાલુ રાખે છે, જેથી એસ્કેલેટરના પાપે દાદરો ચઢ્યાનું પુણ્ય ગુમાવવું ન પડે.

વચ્ચે એક સમયગાળો એવો હતો, જ્યારે પગથિયાં ચઢવાં એ ‘ડાઉનમાર્કેટ’ ચેષ્ટા ગણાતી હતી. ધીમે ધીમે આરોગ્યની સમસ્યાઓ વધવા માંડી અને ઉપર જવા માટે નહીં, પણ વજનકાંટો નીચે ઉતારવા કે સ્થાયી રાખવા માટે પગથિયાંનો મહિમા શરૂ થયો. તેમાં મુશ્કેલી ફક્ત એક જ હતીઃ પગથિયાં ચઢવામાં એક પણ રૂપિયો ખર્ચવાનો ન હતો કે ઘરની બહાર પણ નીકળવાનું થતું ન હતું. તેથી જેમને કસરત જ કરવી હોય તેમને એ બહુ ઉપયોગી લાગે, પરંતુ કોઈ પણ કાર્ય નાણાં ખર્ચવાથી જ સંતોષકારક રીતે પૂરું થાય એવી દઢ માન્યતા ધરાવતા લોકોથી માંડીને, મોર્નિંગ વોક પૂરું થયા પછી ભરપેટ નાસ્તો કરીને ઘરે જતા ઘણાને કસરત તરીકે દાદરા અનુકૂળ આવતા નથી.

માણસના બીજા કેટલાક સંબંધોની જેમ દાદરા સાથેનો તેનો સંબંધ એટલો લપસણો છે કે ગાફેલ રહેનાર વ્યક્તિને પછડાવાનો વારો આવે છે અને દાદરાને કદી વાગતું નથી.

---

## ઈશિતાનું અલકમલક


### આ અબ છોડ ચલે કે પછી લોટ ચલે?

પરિવર્તન સંસારનો સનાતન નિયમ છે આ વાક્ય આપણે વર્ષોથી સાંભળતા આવ્યા છીએ અને એ યથાર્થ પણ છે. સદીઓથી માનવી જંગલમાંથી ખુલ્લી ધરતી - વિસ્તારમાં જઈને વસ્યો પછી કોઈ ચોક્કસ જગ્યાએ સ્થિર થયો અને આમ ક્રમશ: અનેક દેશ બનતા ગયા. હવે તાજેતરનાં એક સર્વેનાં તારણ અનુસાર આજે ૩૦૪ મિલિયન અર્થાત ૩૦ કરોડ લોકો પોતાની જન્મભૂમિ છોડીને બીજા દેશમાં સ્થળાંતર કરી ગયા છે. આમાંથી આપણા મૂળ ભારતીય એવા આશરે ૧૮ મિલિયન એટલે કે ૧ કરોડ ૮૦ લાખ લોકો આજે વિદેશ જઈને વસ્યા છે. આપણા પછી સ્થળાંતર કરવામાં મેક્સિકોવાસી છે (૧ કરોડ ૧૦ લાખ). એના પછી રશિયા - ચીન આવે છે. આ બધી આંકડાબાજી છોડીએ તો આ સર્વેક્ષણની સૌથી રસપ્રદ વાત એ છે કે ૨૦૨૫-૨૬ દરમિયાન વિશ્વના રેકોર્ડ કહી શકાય એવા ૧.૬૫ લાખ કરોડપતિ પોતાનો દેશ છોડીને બીજા દેશમાં સ્થળાંતર કરી રહ્યા છે! હવે સ્થળાંતરથી થોડી વિરોધાભાષી વાત કરીએ. ક્યારેક અભિશાપ આશીર્વાદ બનીને આવતો હોય છે. કોરોના જેવી મહામારી લાખોનાં મોતનું કારણ બન્યું, પણ સાથોસાથ એણે આપણને જીવનના અનેક લાભદાયી અને યાદગાર પાઠ પણ શીખવ્યા. અત્યાર સુધીમાં આપણા પર ત્રાટકેલી કોઈ પણ મહાબીમારી કરતાં એને અંકુશમાં લેતા ઉપાયરૂપી વેક્સિનસૌથી ત્વરાએ આ કોરોના દરમિયાન જ શોધાયા. આવા તો અનેક ઉદાહરણ છે, જેમાં કોરોનાનું આગમન આપણા માટે અમુક અંશે ફળદાયી પુરવાર થયું છે, જેમ કે નશીલાં પદાર્થોના જોરે માફિયાગીરી કરવા માટે બહુ વગોવાયેલાં ઈટાલીમાં કોરોનાના આગમન પછી માફિયાગીરીની લીધે ગરીબી-બેરોજગારીથી ત્રાસીને બહુ જ બહોળા પ્રમાણમાં તેજસ્વી યુવાનો દક્ષિણ ઈટાલી તરછોડીને ઉત્તર ઈટાલી તરફ સ્થળાંતર કરીને ત્યાં જ સ્થાયી થઈ ગયા હતા. આના કારણે દક્ષિણ ઈટાલી આર્થિક રીતે બહુ જ પાંગળું થઈ ગયું હતું, પણ મહામારીના પ્રવેશને લીધે ઉત્તર કે યુરોપમાં બીજાં કોઈ સ્થળે સ્થાઈ થઈ ગયેલાં યુવાનોમાં જાણે રામ વસ્યા હોય તેમ એ લોકો ફરી દક્ષિણ ઈટાલી તરફ ફંટાયા અને ફરી પોતાના આ મૂળ વતનમાં જ વસી જવા લાગ્યા. અચાનક યુવાનોનાં મનમાં આ બદલાવ શા માટે અને કઈ રીતે આવ્યો? વેલ, ક્યારેક કોઈ વાત સમજાવાથી ન પતે એ માથા પર ભમતા મોતના ભયથી સમજાવવી સરળ પડે. કોરોનાની પ્રથમ લહેરમાં જ યુરોપ અને ઉત્તર ઈટાલીમાં કોરોનાએ જબરો કાળમુખી કેર વર્તાવ્યો કે ત્યાં દક્ષિણથી આવીને અહીં વસતા ઈટાલીના યુવાનો એવા ભયભીત થઈ ગયા કે એમને પોતાનાં ઘર-પરિવારવાળા યાદ આવવા લાગ્યા. એ લોકો ફરી સ્થળાંતર કરી પોતાને ઘેર દક્ષિણ ઈટાલી પરત થવાં લાગ્યા. એક અંદાજ મુજબ એ આઠ-નવ મહિનાના કપરા કાળ દરમિયાન આશરે ૯૦ હજાર વધુ યુવાનો દક્ષિણ ઈટાલી પાછાં ફરી ગયા. પરત આવ્યા પછી પાછા ફરેલા યુવાન -યુવતીનાં કેટલાંક ગ્રુપ્સે સોશ્યલ મીડિયા દ્વારા પરિવારની અગત્યતા સમજાવતાં મેસેજ પોસ્ટ કરવા શરુ કર્યા. ‘આપણે ત્યાં ઘરઆંગણે પણ રોજી-રોટી કમાઈ શકીએ ‘ એવાં પ્રસાર-પ્રચારથી ‘સાઉથ વર્કિંગ’ના નામે જે ટ્રેન્ડ શરૂ કર્યો એને એવી સફળતા મળવા લાગી કે જોબ માટે ઈટાલી છોડી યુરોપ તરફ ફંટાયાયેલા યુવાનોની ‘ઘરવાપસી’ માટે ઈટાલીનાં બીજાં શહેરોમાં પણ પ્રયાસ શરૂ થઈ ગયા છે. આમ મોતના ભયે યુવાનોને સમજાયું કે આખરે ધરતીનો છેડો ઘર જ છે.




### હવે લહેરથી કરીએ લવને ભજીએ શ્રી હરિ!

દિયર પોતાની ભાભી સાથે ભાગી જાય - સાળી એના સગા બનેવીને લઈને ગૂમ થઈ જાય - વેવાઈ-વેવાણ ખાનગીમાં શાદી કરી લે કે પછી લાપતા સાસુમા એના ભાવિ જમાઈ લગ્ન કરી બધાને આંચકો આપે એવી તાજેતરની કેટલીક ઘટના તમે ‘ઈશિતા’ પાસેથી જાણી-માણી છે. એ જ રીતે જેલવાસ ભોગવી રહેલી એક હત્યારણ જેલના કોઈ પુરુષ સાથે કોર્ટની મંજૂરી લઈ લગ્ન કરી લે અથવા તો જેલની લેડી જેલર કેદ પુરી કરીને છૂટેલા જ એક હત્યારા કેદી સાથે ઘરસંસાર માંડે એવો કિસ્સો પણ તમે આ કોલમમાં જાણ્યો ... હવે જાણો, આનાથી તદ્દન વિરોધાભાસી એક તાજો કિસ્સો. વાનપ્રસ્થાન પછી વયોવૃદ્ધ પુરુષ-સ્ત્રી નિવૃતિનો સમય સામાન્ય રીતે દેવસ્થાન - મંદિરે જઈ પૂજા-પાઠ કરે. આ ધર્માની શુદ્ધિની પ્રવૃતિમાં સમય ગાળે. મધ્ય પ્રદેશના ખેડા ગામના એક ૬૫ વર્ષી વિધર ઘનશ્યામભાઈ ત્યાંના મંદિરમાં નિયમિત જાય. ત્યાં એમની ઓળખાણ ૬૦ વર્ષી ગોરાબાઈ સાથે થઈ. બન્ને પોતાનાં સંતાનો - પૂત્રવધુઓથી ત્રાસેલાં. બન્ને એકમેક પોતાની આપવીતી કહીને મન હળવું કરે. એમાંથી એ દાદા-દાદી વચ્ચે પ્રેમનાં અંકુર ફૂટ્યાં. પછી એ બન્નેએ નક્કી કર્યું : ‘ભાડમાં ગઈ આ દુનિયા..હવે લહેરથા કરીએ લવને આપણો પોતાનો બ્રેન ન્યૂ સંસાર શરૂ કરીને સાથે ભજીએ શ્રી ગોપાલ!’ અને આમ બે બળેલા જીવ મળેલા જીવ બન્યાં અને તાજેતરમાં જ એમનાં મિલનસ્થળ એવાં મંદિરમાં જ લગ્ન કરી લીધાં છે. જય હો!



### ઈશિતાનું ઈત્યાદિ...ઈત્યાદિ

» ક્યારેક એવું પણ લાગે છે કે આજના અત્યાધુનિક ડિજિટલ યુગમાં આપણે જાણે પ્રાગ-ઐતિહાસિક કાળમાં વસી રહ્યાં છીએ. વધુ આધુનિક ગણાતા સમાજના જે અમુક આંકડા બહાર આવ્યા છે એ ચોંકાવનારા છે. ખાસ કરીને ગાંધીજીના ગુજરાતના ગુજરાતમાં મહિલા પ્રત્યે માનસિકતા વધુ પછાત થઈ રહી છે પરિણામે ત્યાં ઘરેલુ હિંસા વધી રહી છે. શહેરમાં પતિ દ્વારા ૧૨ ટકા પત્ની ઘરેલુ હિંસાનો શિકાર બને છે, જ્યારે એ ગ્રામ્ય વિસ્તારમાં ૧૪ ટકા આવી હિંસાથી પીડાય છે.

---

» પેપર ફૂટ્યા પછી ‘નીટ’ પરીક્ષાના ફિયાસ્કાને લીધે એ પરીક્ષાઓ કેન્સલ થઈ પછી તાજેતરમાં પુન: યોજાયેલી એ પરીક્ષામાં દેશ-વિદેશનાં ૨૩ લાખ જેટલા વિદ્યાર્થીઓ ‘રી-નીટ’ પરીક્ષા આપી તો ખરી, પણ માનસિક તાણને કારણે પુન: પરીક્ષા પહેલાં ૧૩ વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી!

### ઈશિતાની એલચી

**સવારે ઊઠીને સૌપ્રથમ એ વ્યક્તિને ખુશ કરો, જેને તમે રોજ અરિસામાં જુવો છો!**